ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજે જન્મ દિવસને ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે ત્યારે આજ રોજ બાયડ નગરપાલિકાના પ્રમુખ વરૂણભાઈ પટેલ તેમજ બાયડ શહેર પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, તાલુકા પ્રમુખ માનસિંહ ઠાકોર, બાયડ નગરપાલિકાના કોર્પોરેટરો અને તાલુકા અને શહેરના સંગઠનનાં હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા આજે બાયડ બસ સ્ટેન્ડ જાહેર રસ્તા ઉપર સ્વચ્છતા અભિયાન તેમજ બાયડ આરોગ્ય કેન્દ્ર ખાતે કેળાનું વિતરણ કરી ભારતનું ગૌરવ સમાન અન ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

ઈડરના રેવાસમાં ટ્રેકટર અને જીપ વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં રોડ પર પટકાતાં મોત

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના રેવાસ ગામની સીમમાં ટ્રેકટર અને જીપ વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં જીપમાં બેઠેલ ૧૭ વર્ષીય તરૂણ રોડ ઉપર પટકાતાં તેનું કરૂણ મોત નિપજયુ હતું.

૧૩ સપ્ટેમ્બરના રોજ રેવાસ ગામની સીમમાં સમાજવાડીની સામે રાત્રે સાડા આઠેક વાગ્યાના સુમારે જીપ નં.જીજે.૯.બી.૪૪૨૧ ના ચાલકે સામેથી આવી રહેલ ટ્રેકટરની ટ્રોલી સાથે ટક્કર મારતા જીપમાં બેઠેલ નિકુંલભાઈ પ્રકાશભાઈ કલાસવા (ઉ.વ.૧૭) જીપમાંથી બહાર રોડ પર પટકાતાં શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત તરૂણને સારવાર માટે લઈ જયા દરમિયાન કરૂણ મોત નિપજતાં અર્જુનભાઈ હસમુખભાઈ કલાસવા (રહે. માંકરોડા, તા.ભિલોડા) એ ફરિયાદ નોંધાવતા પોલીસે જીપના ચાલક દિલીપભાઈ લાલાભાઈ ખારવા (રહે.ગોવિંદનગર, ભિલોડા) વિરૂધ્ધ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રધાનમંત્રીના જન્મદિનના હોર્ડીંગ પર કાળો કૂચડો માર્યો

સત્તાધીશોને ખબર પડતા તાત્કાલિક બોર્ડ ઉતારી લેવડાવ્યા

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર નગરપાલિકા તથા ભાજપ શહેર દ્વારા લગાવવામાં આવેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવતા હોર્ડિંગ બોર્ડ ઉપર કેટલાક ફોટા ઉપર કાળો કુચડો લગાવવામાં આવતા સોશીયલ મીડિયા ઉપર ફોટા વહેતા થયાં હતા અને આ મુદ્દો ટોપઓફ ટાઉન બન્યો હતો અને સત્તાધિશો દ્વારા ધ્યાને આવતા હોર્ડીંગ બોર્ડ તાત્કાલિક ઉતારી દેવામાં આવ્યા હતા.

પ્રાંતિજ નગરપાલિકા તથા ભાજપ શહેર સંગઠન દ્વારા લગાવવામાં આવેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૭મા જન્મદિન નિમિત્તે શુભકામના પાઠવતાં હોર્ડીંગ બોર્ડ લગાવવામાં આવ્યા હતા. જેમાં નગરપિલાકા દ્વારા લગાવેલ બોર્ડમાં નગરપાલિકા પ્રમુખ સહિત અન્ય ત્રણ સભ્યોના ફોટા ઉપર અને ભાજપ શહેર દ્વારા લગાવેલ બોર્ડમાં રહેલ શહેર પ્રમુખના ફોટા ઉપર કોઈ અજાણ્યા ઈસમ દ્વારા કાળા કલરનો કુચડો મારવામાં આવ્યો હતો. જ્યારે આ ફોટા સોશીયલ મીડીયામાં ફરતા થતાં પ્રાંતિજ ખાતે ટોપ ઓફ ટાઉન બન્યો હતો. જ્યારે આ અંગેની જાણ સત્તાધિશોને થતા હોર્ડીંગ બોર્ડ તાત્કાલિક ઉતારી લેવામાં આવ્યા હતા.

શીકા પંથકમાં પશુઓની તસ્કરી કરતી ટોળકી સક્રિય થતાં પશુપાલકોમાં ચિંતા

ધનસુરા, તા.૧૭

ધનસુરા તાલુકાના શીકા ગામ ખાતે છેલ્લા કેટલાક દિવસોથી તસ્કર ટોળકી સક્રિય બનતાં પ્રજામાં ભયની લાગણી ફેલાઈ છે. શીકા ગામના ખેડૂત અને પશુપાલક પટેલ વિનોદભાઈ પુંજાભાઈના ખેતરમાં રહેતા પશુઓમાંથી એક દૂઝણી ગાય અને એક ભેંસ રાત્રી દરમિયાન ચોરાઈ જવાની ઘટના બની હતી. આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતાં પોલીસ દ્વારા પશુચોરી કરતી ટોળકીને ઝડપી પાડવા કાર્યવાહી આરંભાઈ છે.

શીકા પંથકમાં અગાઉ પણ આ પ્રકારની ચોરીની ઘટનાઓ ઘટી હતી. પરંતુ ફરીથી તસ્કર ટોળકી સક્રિય બનતાં ખેડૂતો અને પશુપાલકોમાં ભયની લાગણી ફેલાઈ છે ત્યારે પોલીસ તંત્રએ તસ્કર ટોળકીને ઝડપી લઈ પ્રજાના જાન માલનું રક્ષણ કરી લઈ પ્રજાના વિશ્વાસનું વાતાવરણ પેદા થાય તેવાં પગલાં ભરવા જરુરી છે.

અંતોલીના ગુમ થયેલ યુવાનનો બીજે દિવસે નદીમાંથી મૃતદેહ મળ્યો

મેઘરજ તાલુકાના અંતોલી ગામનો ૧૭ વર્ષીય યુવક તેનાજ ગામની સીમમાં ગણેશ વિસર્જન કરવા ગયો હતો જ્યાંથી તે ગુમ થયો હતો. બીજા દિવસે ત્યાંથી પાણીમાંથી મૃતદેહ મળતા સમગ્ર પંથકમાં શોકની લાગણી વ્યાપી હતી.

અંતોલી ગામમાં ટીંબા ફળિયામાં પહેલીવા ગણેશજીની સ્થાપના ગણેશ ચતુર્થીના દિવસે કરવામાં આવી હતી. જેમાં આઠમાં દિવસે મંગળવારના રોજ ગણેશજીનો બેન્ડવાજા સાથે વરઘોડો કાઢી સમગ્ર ગ્રામજનો વિસર્જન કરવા બપોરના સમયે મોટી સંખ્યામાં નવાગરાના પુલ નીચે વાઘા ઉપર ગયા હતા.

મોદીએ સંબોધનમાં શું કહ્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે માતાના આશિર્વાદ મેળવીને દિવસની શરૂઆત કર્યા બાદ મોડેથી બે સરસ લોકલક્ષી કાર્યક્રમોમાં ભાગ લેવા પહોંચ્યા હતા. સૌથી પહેલા લીમખેડામાં જળ યોજનાનું ખાતમુહુર્ત કરવા માટે મોદી પહોંચ્યા હતા. જ્યાં મોદીએ પોતાના સંબોધનમાં દાહોદના આદિવાસીયોની વાત કરી હતી. મોદીએ બે કાર્યક્રમમાં શું કહ્યું તે નીચે મુજબ છે.

- ગુજરાતમાં અમલી વનબંધુ કલ્યાણ યોજના સમગ્ર દેશમાં લાગુ કરાશે
- ૨૦૨૨ સુધી દેશના ખેડૂતોની આવગ બે ગણી કરવા સરકાર કટિબદ્ધ છે
- ગુજરાતે પડકારોને અવસરમાં ફેરવીને વિકાસ કર્યો છે

- ગુજરાત રાજ્ય દેશમાં વિવિધ ક્ષેત્રે નંબર વન રહે તેવી શુભકામના તેઓ આપે છે
- સોલાર પંપ અને ટપક સિંચાઈ અંગેની યોજના પર કામ ચાલી રહ્યું છે
- ગુજરાતની વનબંધુ કલ્યાણ યોજના ખૂબ જ અસરકારક સાબિત થઈ રહી છે
- અગાઉના શાસન દરમ્યાન આદિવાસીઓ માટેની યોજનાઓ માત્ર કાગળ ઉપર જ મર્યાદિત રહી હતી
- રાજ્ય અને કેન્દ્રમાં ભાજપના શાસન બાદ આદિવાસીઓ અને ખેડૂતોને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઈ રહી છે
- ગુજરાત આગામી દિવસોમાં નવી ઉંચાઈ પર પહોંચશે તેવો વિશ્વા છે.
- ગુજરાતમાંથી મળેલા સંસ્કારોને આંચ આવવા દેશે નહીં
- કેન્દ્ર સરકારે ટૂંકા ગાળામાં જ પાંચ કરોડ ગરીબ પરિવારોને ગેસ કનેકશન આપ્યા છે
- ઘણુ બધુ ગુજરાતે શિખવાડ્યું છે જે હવે કામ લાગે છે
- પેરાલિમ્પિકમાં મેડલ જીતીને દિવ્યાંગોએ કુશળતા સાબિત કરી છે
- કોઈ દિવ્યાંગે દયાભાવની જરૂર નથી, સ્વાભિમાનથી જીવવા માંગે છે
- મોદીના જન્મ દિવસે તેના હસ્તે જ પ્રજાલક્ષી કલ્યાણ યોજનાઓની જાહેરાત કરવામાં આવી
- આદિવાસી બંધુઓના આશિર્વાદને સદભાગ્ય તરીકે ગણાવ્યા
- દાહોદના પરેલ રેલ યાર્ડને વિશ્વ કક્ષાનું અતિઆધુનિક યાર્ડ બનાવવાનો સંકેત આપ્યો
- તેમની સરકાર ગરીબ, દલિતો અને ખેડૂતોના વિકાસને વરેલી છે
- પ્રાકૃતિક આપદા અને સંસાધનોની મર્યાદાના પડકારોને ગુજરાતે સફળતાપૂર્વક સર કર્યા છે
- બે વર્ષના ગાળામાં ચાર હજાર કેમ્પ દિવ્યાંગો માટે થયા છે
- આઝાદી પછી પહેલીવાર સંસદમાં સ્વચ્છતાના મુદ્દે ચર્ચા થઈ રહી છે
- ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે પાણી, ઉદ્યોગ અને ખનીજ વગર ગુજરાત ખતમ થઈ જશે તેમ કહેવામાં આવી રહ્યું હતું

મોડાસા શહેરમાં મેઘરાજાની ફરી એકવાર સવારી, હળવા પવન સાથે વરસાદી ઝાપટુ

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ લાંબા સમયથી વિરામ લેતા વાતાવરણ ખુલ્લુ થયુ હતુ. અરવલ્લી જિલ્લાના મેઘરજ અને માલપુર તાલુકામાં શુક્રવારના રોજ હળવા ઝાપટા પડતા જિલ્લાના વાતાવરણમાં વાદળ ગોરંભાતા અસહ્ય બફારો અને ઉકલાળથી મોડાસા શહેરના પ્રજાજનો અને જિલ્લાવાસીઓ અકળાઈ ઉઠ્યા હતા. શનિવારે સાંજના ૪ વાગ્યા પછી મોડાસા શહેરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. પવનના સુસવાટા વચ્ચે ૫ વાગ્યાના સુમારે વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરતા શહેરીજનોને બફારાથી થોડી ઘણી અંશે રાહત મળી હતી.

મોડાસા શહેર તેમજ જિલ્લાના અન્ય વિસ્તારોમાં જૂન માસમાં વિધિવત પ્રારંભ થયા બાદ ઓગષ્ટ મહિનામાં અને જુલાઈના પાછલા દિવસોમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી અનાધાર વરસતા શહેરમાં પાણી પાણી થઈ ગયુ હતુ. સપ્ટેમ્બરના પ્રથમ પંદર દિવસ કોરા ધાકોર જતા જિલ્લાના અને મોડાસા શહેરના વાતાવરણ ખુલ્લુ થયુ હતુ. મોડાસા શહેરમાં ભર ચોમાસે ગરમીનો પારો ૩૫ થી ૩૯ ડીગ્રી સુધી પાછલા દિવસોમાં પાર કરી જતા લોકો કાળઝાળ ગરમીનો

અનુભવ કરી રહ્યા હતા. શહેરીજનોને દિવસ દરમિયાન માથુ ફાડી નાખે તેવી ગરમીથી અને અસહ્ય બફારાથી પરસેવે રેબઝેબ થતા ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. શહેરના વાતાવરણમાં બપોર પછી સૂર્યદેવ આકરા બનતા અને પવનની ગેરહાજરીથી અસહ્ય ગરમીથી તોબા પોકારી ઉઠયા હતા. શનિવારે મોડાસા શહેરમાં બપોરે વૈશાખી માહોલ વચ્ચે વાતાવરળમાં વાદળ ગોરંભાતા સાંજના ૫ વાગ્યાના સુમારે મેઘરાજાએ હળવા પવનો સાથે એન્ટ્રી રતા વરસાદ વરસતા શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસા શહેરમાં વરસાદી ઝાપટાથી નગરજનોમાં આનંદ છવાયો હતો. સપ્ટેમ્બર મહિનામાં અસહ્ય ઉકળાટથી ત્રસ્ત બનેલા શહેરીજનો વરસાદી ઝાપટાથી અને ધીમીધારે વરસાદ વરસતા હજુ મેહુલીયો વધારે મેઘમહેર કરે તેવી આશા વ્યક્ત કરી હતી. જિલ્લાનો ટલાક વિસ્તારોમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળતા જિલ્લામાં મેઘરાજા રીટર્ન્સનો માહોલ પેદા થતા જિલ્લાવાસીઓ ખુશખુશાલ બની ગયા હતા.

મોડાસાના સીતપુરના ગ્રામજનો વીજ ધાંધીયાથી ત્રસ્ત બનતા વિજ કચેરીમાં હલ્લાબોલ

મોડાસા, તા. ૧૭

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ખેડૂતોને દૈનિક ૧૦ કલાક વીજળી પહોંચાડવાના આદેશો પછી લાખો વીજ જોડાણ ધરાવતા ગ્રાહકોને વીજ પુરવઠો નિયમિત ન મળતા અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી અસંતોષનો ચરૂ ઉકળી રહ્યો છે. જિલ્લાના મુખ્યમથક મોડાસાથી ફક્ત ૫ કીમી દૂર આવેલા સીતપુર (મુખીના મુવાડા)ના ખેડૂતોને છેલ્લા ૧૫ દિવસથી વિજતંત્રની ખામીના લીધે વિજપુરવઠો ન મળતા શુક્રવારે સાંજના સુમારે મોટી સંખ્યામાં યુવાનો અને ખેડૂતો ધસી જઈ હલ્લાબોલ બોલાવી, સૂત્રોચ્ચાર કરી, મોડાસા વિજ કચેરીને તાળાબંધી કરવાનો પ્રયાસ કરતા વિજ અધિકારીઓ દ્વારા ગ્રામજનોને સમજાવી વિજપુરવઠો પૂર્વરત કરવાની હૈયાધારણા આપતા આખાયે હાઈવોલ્ટેજ ડ્રામાનો સુખદ અંત આવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી કનડગતની ભાગ્યે જ સમસ્યા ઉલઝાતી હોય છે. તેછતાં વીજ સત્તાવાળાઓ વીજ સમારકામના બહાના હેઠળ અને કેટલાક સ્થળોએ ડી.પી. બળી જવાના બહાના હેઠળ અનેક વીજ ફીડરો ખામીયુક્ત છે તેમ જણાવી જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં લાંબા સમય સુધી વીજ કાપ લાદીને જિલ્લાના પ્રજાજનોને ભારે હાડમારી,

પરેશાની અને હાલાકી ભોગવવા મજબુર બનાવી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં વીજતંત્રની નબળી કામગીરીથી પ્રજાજનો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

મોડાસા તાલુકાના પહાડપુર ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ સીતપુર (મુખીના મુવાડા) ગામના ગ્રામજનોને છેલ્લા ૧૫ દિવસથી ખેતી માટે જરૂરી વિજપુરવઠો ખોરવાતા વિજ પુરવઠા અંગે વારંવાર મોડાસા વિજકચેરીમાં રજૂઆત કરવા છતાં વિજતંત્રના અધિકારીઓએ 'હોતા હૈ ચલતા હૈ'ની નીતિ અપનાવી સમારકામ ન કરતા શુક્રવારે સાંજના ૬ વાગ્યાના સુમારે સીતપુરના મોટી સંખ્યામાં યુવાનો અને ખેડૂતો ઉમટી પડી હલ્લાબોલ કરી વીજ કચેરીને તાળાબંધી કરવાનો પ્રયાસ કરાતા વીજ અધિકારીઓ અને પહાડપુર ગ્રામ પંચાયતના સરપંચ પ્રકાશ પટેલ વીજ કચેરીએ તાબડતોડ ધસી આવી ઉગ્ર બનેલા ખેડૂતોને સમજાવી મામલો થાળે પાડતા અને વીજપુરવઠો તાબડતોડ પૂર્વરત કરવાની હૈયાધારણા અપાતા મામલો થાળે પડ્યો હતો. સીતપુર (મુખીના પહાડીયા) ફળીયામાં રહેતા લોકોને પીવાના પાણી માટે ખેતરના કૂવા પર નિર્ભર રહેતા હોવાથી ૧૫ દિવસથી વિજ પુરવઠાના અભાવે પીવાના પાણી માટે છતા પાણીએ રીતસર ફાંફા મારવા પડતા હોવાનું ગ્રામજનોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું.

કંપની સમાચાર

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ એન્કર રોકાણકારોને રૂ. ૩૩૪ની મહત્તમ પ્રાઈઝ બેન્ડ પર કુલ રૂ. ૧,૬૩૫.૩૩ કરોડના ૪૮,૯૬૨,૦૮૫ ઈક્વિટી શેર ફાળવશે

આઇપીઓ ૧૯ સપ્ટેબર, ૨૦૧૬ને સોમવારે ખુલશે અને ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૬ને બુધવારે બંધ થશે

કંપનીએ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ને સોમવારે રોકડના બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા એક એવા ૧૮૧,૩૪૧,૦૫૮ ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")ના વેચાણ માટે આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં તેના એક પ્રમોટર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ અને વિક્રેતા શેરધારકો ("પ્રમોટર વિક્રેતા શેરધારકો") ઓફર ફોર સેલ ("ઓફર") માટે વેચાણ માટે રજૂ કરશે, જેમાં આઈસીઆઈસીઆઈ બેંક શેરહોલ્ડર્સ ("આઈસીઆઈસીઆઈ બેંક શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન") દ્વારા ખરીદી માટે ૧૮,૧૩૪,૧૦૫ ઈક્વિટી શેર અનામત રાખવામાં આવ્યાં છે. આઈપીઓની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ

રૂ. ૩૦૦થી રૂ. ૩૩૪ છે. ઓફરમાં કંપનીની પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ૧૨.૬૩ ટકા હિસ્સો સામેલ હશે અને ચોખ્ખી ઓફર કંપનીની પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ૧૧.૩૭ ટકા હિસ્સો ધરાવશે. ઓફર ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૬ને બુધવારે બંધ થશે. બિડ્સ લઘુતમ ૪૪ ઈક્વિટી શેર અને પછી ૪૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફરના જીસીબીઆરએલએમ ડીએસપી મેરિલ લિન્ચ લિમિટેડ અને આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ છે. ઓફરના બીઆરએલએમ સીએલએસએ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ડેશુ ઈક્વિટીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, એડલવાઈસ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ, એચએસબીસી સીક્યોરિટીઝ એન્ડ કેપિટલ માર્કેટ્સ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ, આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ, જેએમ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂશનલ સીક્યોરિટીઝ લિમિટેડ, એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ અને યુબીએસ સીક્યોરિટીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ છે.

ઓફર મારફતે ઓફર થયેલા ઈક્વિટી શેરનું નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") અને બીએસઈ લિમિટેડ ("બીએસઈ") લિસ્ટિંગ થશે. એનએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.

દેશમાં અમલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂઆત કરાવતી વેળા પોતાના સંબોધનમાં કહ્યું હતું કે ગુજરાતની વનબંધુ કલ્યાણ યોજના દેશભરમાં લાગુ કરવામાં આવશે. તેમણે ખાતરી આપતા કહ્યું હતું કે આગામી ૨૦૨૨ સુધીમાં દેશના ખેડૂતોની આવક બે ગણી કરવા તેમની સરકાર ટાર્ગેટ ધરાવે છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે ગુજરાત સરકારની એલઈડી બલ્બ વિતરણ કરવાની કામગીરી પ્રશંસાપાત્ર છે. એલઈડી બલ્બના પરિણામ સ્વરૂપે હજારો કરોડની બચત થશે. આ હજારો કરોડની બચતને રાજ્યના વિકાસકામોમાં ઉપયોગ કરવામાં આવશે. ગુજરાતે પડકારોને પહોંચી વળીને વિકાસ કર્યો છે અને આ બાબતની તમામ લોકોએ નોંધ લીધી છે. તમામ વિકાસકામોમાં ગુજરાત નંબર વન રહે તેવી શુભકામના પણ મોદીએ આપી હતી.

આદિવાસી ભાઈઓના આશિર્વાદની તેમને તક મળી છે. મોદીએ દાવો કરતા કહ્યું હતું કે સોલાર પમ્પ અને ટપક સિંચાઈ અંગેની વિવિધ યોજના પર કામ ચાલી રહ્યું છે. વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત ગુજરાત દ્વારા જ કરવામાં આવી હતી. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે અગાઉના શાસન દરમ્યાન આદિવાસી માટેની યોજનાઓ માત્ર કાગળ ઉપર જ મર્યાદિત રહી ગઈ હતી. ગુજરાતમાં ભાજપ સરકાર આવ્યા બાદથી આદિવાસીયો અને ખેડૂતોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. એક પછી એક જુદી જુદી યોજનાઓ જાહેર થઈ રહી છે.

દિવ્યાંગોના કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું હતું કે દિવ્યાંગની તાકાત કેટલી હોય છે તે બાબત પેરા ઓલિમ્પિકમાં સાબિત થઈ ગઈ છે. પેરા ઓલિમ્પિકમાં ચાર લોકો મેડલ જીતવામાં સફળ રહ્યા છે. દિવ્યાંગને કોઈ દયા ભાવની જરૂર નથી. તેઓ સ્વાભિમાનથી જીવવા માંગે છે. બે વર્ષમાં ૪૦૦૦ કેમ્પ થઈ ચુક્યા છે.

શાબ્દિક યુદ્ધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મિટીંગ થઈ શકી ન હતી કારણ કે નજીબજંગ ઓફિસમાં ન હતા. આના કારણે બંને પક્ષો વચ્ચે ફરીવાર આક્ષેપબાજીનો દોર શરૂ થયો છે. જંગની જોરદાર ઝાટકણી કાઢતા મિશ્રાએ કહ્યું છે કે એમ લાગે છે કે જંગ આજે કામ કરવાના મૂડમાં ન હતા પરંતુ એલજીની ઓફિસે ખુલાસો કરતા કહ્યું છે કે સપ્તાહના તમામ સાત દિવસો કામ કરવામાં આવે છે. પ્રધાનોએ વાતચીત કરવા મળવા માટે પહેલાથી કોઈ પરવાનગી માંગી ન હતી. એએપી સરકાર કોઈપણ મુદ્દાને રાજકીય રંગ આપવાના પ્રયાસ કરી રહી છે. દિલ્હીમાં આરોગ્યને લઈને કટોકટી છે ત્યારે રાજકીય રમત રમવામાં આવી રહી છે. અત્રે નોંધનિય છે કે નજીબજંગે શુક્રવારના દિવસે ફિનલેન્ડથી તરત પરત ફરવા મનિષ સિસોદીયાને આદેશ કર્યો હતો. મનિષ સિસોદીયા હાલમાં ફિનલેન્ડમાં અભ્યાસ પ્રવાસ ઉપર છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં રેકોર્ડ વધારો થયા બાદ નજીબજંગે ફિનલેન્ડથી તરત પરત ફરવા સિસોદીયાને આદેશ કર્યો હતો. પ્રધાનો એલજીની ઓફિસ બહાર રાહ જોઈ રહ્યા હતા. જંગને મળવા માટે કોઈ મંજુરી માંગવામાં આવી ન હતી. નાયબ મુખ્યમંત્રીને તરત પરત ફરવા માટે અરજન્ટ ફેક્સ મોકલવામાં આવ્યા બાદ આ વાતચીતની યોજના હતી. એલજીએ નાયબ મુખ્યમંત્રીને અરજન્ટ ફેક્સ મોકલીને તરત આવવા કહ્યું હતું. જેથી બે પ્રધાનો એલજીને મળવા માટે પહોંચ્યા હતા પરંતુ તે વખતે તેઓ ઓફિસમાં ન હતા.

ટેલેન્ટ સર્ચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવે છે. જેમાં ત્રણ પ્રકારના પેપરોનો સમાવેશ થાય છે. બૌધ્ધિક યોગ્યતા કસોટી,ભાષા કસોટી,શૈક્ષણિક યોગ્યતા કસોટીના વિષયની સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવે છે. આ પરીક્ષા સંદર્ભે દર સપ્ટેમ્બર મહીનામાં ફોર્મ ભરવામાં આવે છે. આ પરીક્ષામાં મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શાળાના આચાર્યોની સાથે બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન મહત્તમ વિદ્યાર્થીઓને આ પરીક્ષા માટે તૈયારી કરવા માટે પ્રોત્સાહીત કરવા પણ જણાંવાયુ હતુ. જિલ્લામાં ગત વર્ષ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં જોડાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.